**647510** **BRS2GujE801A** **Seat No :________**

# B.R.S. Semester - 2 (*CBCS*) Examination
# March/April – 2025 (New Course)
# GUJARATI (ELE-8)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

માતા દેહ આપે છે અને મન પણ આપે છે. જન્મ આપનારી પણ તે, અને જ્ઞાન દેનારી પણ તે. બાળપણમાં બાળક ઉપર અસરો થાય છે, તે દ્રઢતમ હોય છે. નાનપણમાં બાળકનું મન ખાલી હોય છે. ભૂખ્યો માણસ, જે હાથ લાગે તે ખાઈ જાય; તેમ બાળકને પણ તાલાવેલી લાગે છે. જિજ્ઞાસાવૃત્તિ તીવ્ર હોય છે, અને આજુબાજુ જે જુએ તે સારાસારના વિવેક વિના પેલા ખાઉધરાની જેમ મનમાં જલ્દી જલ્દી સંગ્રહ કરવા માંડે છે. ચાર મહિનાનું બાળક લીલાંછમ વૃક્ષો વચ્ચે મૂકીએ, તો તેના મન ઉપર એવી ગાઢ અસર થશે, કે તેના ઝાડાનો રંગ પણ લીલો થઈ જશે.

- સાને ગુરુજી

અથવા

પ્રશ્ન-૧ કેળવણી કહે છે : હું સત્તાની દાસી નથી. કાયદાની કિંકરી નથી. વિજ્ઞાનની સખી નથી. કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હ્રદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઈતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેંફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. મનુષ્યના હ્રદય, બુદ્ધિ તેમજ તમામ ઈન્દ્રિયોની હું સ્વામિની છું. હું જગદંબા છું, જગધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહીં રહે. એની સર્વ કામના મારી મારફતે પરિપૂર્ણ થઇ શકે એમ છે.

- કાકાસાહેબ કાલેલકર

પ્રશ્ન-૨ નીચેના કોઇપણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે. છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુઓ જુએ નહીં મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે. ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. તેથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ થાય છે. આખા દેશમાં સાધનાની પરિશુદ્ધિ થયેલી ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઇ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઇ તે વાત કબૂલ કરવી પડશે.

- રવીન્દ્રનાથ ટાગોર

અથવા

પ્રશ્ન-૨ સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે, આથી તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યના શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ છે કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઈએ. સાહિત્યના આગળ વર્ણવેલા, મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શકયતાઓ તરફ પોતાની સૂઝના બળે અંગુલિનિર્દેશ કરવો, એટલું જ નહિ, પણ એ શકયતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સર્જવામાં પોતાની અધ્યાપન પ્રવૃત્તિને, ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ માનતો હોવો જોઈએ.

પ્રશ્ન-3 ગુજરાતી ભાષાના વિવિધ વિરામચિહ્ન ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 નીચેનાં વાકયો યોગ્ય વિરામચિહ્ન મૂકી ફરીથી લખો.

(1) ઈશ્વરના દરબારમાં દેર છે અંધેર નથી

(2) રામ લક્ષ્મણ ભરત અને શત્રુધ્ન ચારેય ભાઈઓ હતા

(3) અરે વાહ કેટલું સુંદર પંખી છે

(4) ચાર વર્ણ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર

(5) કવિ કહે છે કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે.

(6) નિસર્ગ હોશિયાર હતો તેથી શિક્ષકો તેને ચાહતા.

(7) શું તેઓ ગયા

પ્રશ્ન-૪ નીચેનાં સાત રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવી, વાકયમાં પ્રયોગ કરો. (૧૪)

(1) ગંગા નાહ્યા

(2) લોઢાના ચણા ચાવવા

(3) સોનામાં સુગંધ ભરવી

(4) પેટમાંથી પગ કાઢવા

(5) હાથનાં કર્યાં હૈયે વાગવાં

(6) ઉડતાં પંખી પાડવા

(7) મોતિયાં મરી જવા

(8) કાગડો દહીંથરું લઈ ગયો

(9) દુ:ખે પેટ અને કૂટે માથું

અથવા

પ્રશ્ન-૪ નીચેની સાત કહેવતોનો અર્થ સમજાવો.

(1) આંધળામાં કાણો રાજા

(2) એક હાથે તાળી ન પડે

(3) ખાડો ખોદે તે પડે

(4) દીવા પાછળ અંધારું

(5) ભેંસ આગળ ભાગવત

(6) મન હોય તો માળવે જવાય

(7) દૂરથી ડુંગર રળિયામણા

(8) ભરોસાની ભેંસ પાડો જણે

(9) ગરજ ગાંઠે ને વિદ્યા પાઠે

પ્રશ્ન-૫ નીચેના કોઈપણ બે સમાસની વ્યાખ્યા આપી, બબ્બે ઉદાહરણ લખો. (૧૪)

(1) કર્મધારય સમાસ

(2) બહુવ્રીહિ સમાસ

(3) ઉપપદ સમાસ

(4) તત્પુરુષ સમાસ

****************